eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 350
January 31, 2014

## પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ની ઉજવણી :-

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૪ની ઉજવણી વરાછા ઝોન : "યોગી ચોક" ટી.પી.સ્કીમ નં.૬૦ (પુણા), ફા.પ્લોટ નં.આર/૮, હેલીપેડવાળી ખુલ્લી જગ્યા, ભગવતી ચોકથી યોગી ચોક તરફ જતા રસ્તા પર આવેલ મહાલક્ષ્મી સોસાયટી તથા ગજાનંદ સોસાયટીની સામે, પુણા, સુરત ખાતે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. પ્રજાસત્તાક પર્વની ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ખેલ મહાકુંભ – ૨૦૧૩ના શહેર કક્ષાના વિજેતાઓને ચેક વિતરણ" :-



સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ–૨૦૧૩" અંતર્ગત  તા.૨૩/૧૧/૨૦૧૩થી તા.૨૩/૧૨/૨૦૧૩ દરમ્યાન શાળા કક્ષા, ઝોન કક્ષા અને શહેર કક્ષાની સ્પર્ધાઓનું સુરત ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત સ્પર્ધાના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :-

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૪ તથા તા.૨૪/૦૧/૨૦૧૪ના રોજ એડી.સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી જે.આર.સોલંકીની સુચના મુજબ, ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા બી.આર.ટી.એસ.બાબત :-



સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિનનાં રોજ બી.આર.ટી.એસ.નો સામૂહિક પરિવહનના મહત્વાકાંક્ષી પ્રોજેકટ અંતર્ગત ઉધના  દરવાજાથી સચીન સુધી બસ સેવા શરૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મા.મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ તથા પોલીસ કમિશ્નરશ્રી રાકેશ અસ્થાના દ્વારા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ની ઉજવણી :-

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૪ની વરાછા ઝોન : "યોગી ચોક" ટી.પી.સ્કીમ નં.૬૦(પુણા), ફા.પ્લોટ નં.આર/૮, હેલીપેડવાળી ખુલ્લી જગ્યા, પુણા, સુરત ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો :-

સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો" અને "રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો" તથા "શિલ્પગ્રામ મેળા"નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૪ થી તા.૨૭/૦૧/૨૦૧૪ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોર અને સાંજે વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૩/૦૧/૨૦૧૪ના રોજ સાંજે માધ્યમિક, કોલેજ અને...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા) ઝોનમાં આવેલ નાના વરાછા (ગામતળ) વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની જગ્યામાં આવેલ ઝુપડપટ્ટીમાં શીફટીંગ/ડિમોલીશન બાબત:-

પૂર્વ(વરાછા) ઝોનમાં આવેલ નાના વરાછા (ગામતળ) વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની જગ્યામાં "સુધ્ધોધનનગર " નામની ઝુપડપટ્ટીના રહીશોને વૈકલ્પિક આવાસો ફાળવી કુલ ૭૬ દુકાનો તથા રહેણાંક સહિતના મકાનો/ઝુપડા તોડીને કુલ આશરે ૩૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સદર કામગીરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો–૨૦૧૪ :–



સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો" અને "રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો" તથા "શિલ્પગ્રામ મેળા"નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૪ થી તા.૨૭/૦૧/૨૦૧૪ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોરે અને સાંજે વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૩/૦૧/૨૦૧૪ થી તા.૨૬/૦૧/૨૦૧૪ દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાય વેરો ભરપાઈ ન કરતી મે.અમૃત એક્ષપોટર્સની મિલકતને સીલ કરી રૂા.૧૦ લાખ વસુલ કરતુ વરાછા ઝોન :–

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) ધ્વારા પ્રોપર્ટી ટેક્ષ અને પ્રોફેશનલ ટેક્ષની વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને બાકીદારો સામે મિલકત સીલ કરવી, નળ કનેકશન કાપવા અને મોટા બાકીદારોના નામો જાહેર કરવાની કામગીરી શરૂ થઈ છે. જેના ભાગ રૂપે કાપોદ્રા ચાર રસ્તા ઉપર આવેલ વ્રજશીલા કોમ્પલેક્ષમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા) ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)માં આવેલ ગીરનાર સોસાયટીમાં કરેલ ડિમોલીશન અંગે:–

પૂર્વ(વરાછા)ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)ના ફા.પ્લોટ નં. ૩,૪ પૈકીમાં આવેલ ગીરનાર સોસાયટીના સબ પ્લોટ નં. ૨૦૨ થી ૨૦૪ માં માર્જીનવાળા ભાગમાં થયેલ પરવાનગી વગરની આશરે ૭૦.૦૦ ચો.ફુટના વિસ્તારની દુકાન, શટર તેમજ આશરે ૧૦૦.૦૦ ચો.ફુટનું ચણતર તેમજ રસ્તા પૈકીના ભાગે બનાવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મહાત્મા ગાંધી નિર્વાણદિન" :–



સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ની ઉજવણી :–

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૪ની ઉજવણી વરાછા ઝોન : "યોગી ચોક" ટી.પી.સ્કીમ નં.૬૦ (પુણા), ફા.પ્લોટ નં.આર/૮, હેલીપેડવાળી ખુલ્લી જગ્યા, ભગવતી ચોકથી યોગી ચોક તરફ જતા રસ્તા પર આવેલ મહાલક્ષ્મી સોસાયટી તથા ગજાનંદ સોસાયટીની સામે, પુણા, સુરત ખાતે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. પ્રજાસત્તાક પર્વની સવારે ૮.૦૦ કલાકે વરાછા ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથે ધ્વજવંદન સ્થળે પહોંચી સમારોહમાં જોડાશે. ધ્વજવંદન કાર્યક્રમ અને સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ તથા વરાછા ઝોન વિસ્તારની નગર પ્રાથમિક સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ધ્વજવંદન સ્થળ વિસ્તારમાં આવેલ રોડ ડિવાઈડરો તથા ઝોન કચેરીને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. આ અવસરે ધ્વજવંદન બાદ વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધિ હાંસલ કરેલ રમતવીરોનું રોકડપુરસ્કાર અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણી કાર્યક્રમોમાં ભાગીદાર બની પ્રજાસત્તાક પર્વમાં જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

TOP

## ''ખેલ મહાકુંભ – ૨૦૧૩ના શહેર કક્ષાના વિજેતાઓને ચેક વિતરણ'' :–





સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ–૨૦૧૩'' અંતર્ગત તા.૨૩/૧૧/૨૦૧૩થી તા.૨૩/૧૨/૨૦૧૩ દરમ્યાન શાળા કક્ષા, ઝોન કક્ષા અને શહેર કક્ષાની સ્પર્ધાઓનું સુરત ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત સ્પર્ધાના તમામ રમતના પ્રથમ ત્રણ વિજેતા પૈકી રાજય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવેલ વિજેતાઓનો સન્માન સમારોહ તથા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે સુરત શહેર દ્વારા રાજય કક્ષા બાળપ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરેલ જેના વિજેતા બાળ કલાકારોને પ્રોત્સાહિત કરવા અંગેનો સન્માન સમારોહ સુરત જીલ્લા રમતગમત વિભાગ દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૪ના રોજ રંગભવન, જીવનભારતી સ્કુલ કમ્પાઉન્ડ, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, અજયકુમાર ચોકસી, ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, જીલ્લા રમતગમત અધિકારીશ્રી વિરેન્દ્રભાઈ પટેલ, મેનેજરશ્રી એસ. આર. ખાન ઉપસ્થિત રહી ખેલ મહાકુંભ–૨૦૧૩ના શહેર કક્ષાના વિજેતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા અને ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ પ્રોત્સાહન ઉદ્દબોધન આપ્યું હતું તેમજ આ વિજેતાઓને બિરદાવી સુરતને પ્રથમ નંબર અપાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ઝોન કક્ષા અને શહેર કક્ષાની તમામ રમતોના પ્રથમ ત્રણ વિજેતાઓના રોકડ પુરસ્કારના ચેક તૈયાર થયેલ હોય, સુરત જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, પહેલો માળ, જુનું સીવીલ કોર્ટ બિલ્ડીંગ, બહુમાળી, નાનપુરા, સુરત(ફોન નં.૨૪૬૫૮૦૮) ખાતેથી સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન મેળવી લેવા સુરત મહાનગરપાલિકા અને સુરત જીલ્લા રમતગમત વિભાગ જણાવે છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૧/૨૦૧૪ તથા તા.૨૪/૦૧/૨૦૧૪ના રોજ એડી.સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી જે.આર.સોલંકીની સુચના મુજબ, ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૭૦ (અ.કો.છા.ઉ.) ડ્રાફ્ટ તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગરૂપે ટી.પી.રસ્તાના કબજા મેળવવા માટે ઓ.પી.નં.૨૨૭માં ૪૫.૦૦ મી.ના ટી.પી.રસ્તાની અસરમાં આવતી મારૂતિ કોમ્પલેક્ષવાળી મિલ્કતના મિલ્કતદારને કબજા ફેરફાર માટે નોટીસ આપવામાં આવેલ હતી. જે અન્વયે મિલ્કતદાર ધ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ હતો. આ અંગેનો કેસ ચાલી જતા ચુકાદો મહાનગરપાલિકાની તરફેણમાં આવ્યો હતો. જેથી ટી.પી.રસ્તાની અસરમાં આવતી મારૂતિ કોમ્પલેક્ષવાળી મિલ્કતમાં ભોંયતળિયે આવેલ ૧૪(ચૌદ) દુકાનો પ્રથમ તથા બીજા માળે આવેલ સતાધાર હોસ્પિટલનું ચણતર તથા આર.સી.સી. સહિતનું ૬૦૦૦ ચો.ફુટ બાંધકામ દુર કરી ૪૫.૦૦ મી. ટી.પી.રસ્તાને ખુલ્લો કરવામાં આવેલ છે. ટી.પી.રસ્તા પરનું બાંધકામ દુર થતા અમરોલી રોડથી નવા કોસાડ રસ્તા પર જવા સીધો રસ્તો મળી શકશે.

TOP

## કતલખાના બંધ રહેવા બાબત :–

તા.૩૦–૦૧–૨૦૧૪ને ગુરૂવારના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા બી.આર.ટી.એસ.બાબત :–





સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિનનાં રોજ બી.આર.ટી.એસ.નો સામૂહિક પરિવહનના મહત્વાકાંક્ષી પ્રોજેકટ અંતર્ગત ઉધના દરવાજાથી સચીન સુધી બસ સેવા શરૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મા.મ્યુ.કમિશનરશ્રી એમ.કે.દાસ તથા પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તથા ફલેગ ઓફ કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકાની સબસીડરી કંપની સુરત સીટીલીંક લિમીટેડ સ્પેશ્યલ પર્પઝ વ્હીકલ તરીકે બનાવેલ છે અને તે બી.આર.ટી.એસ. સેવાનું સંચાલન કરશે. બી.આર.ટી.એસ. માટે અધતન, એરકંડીશન, ઓટોમેટીક ડોર, એટ લેવલ બોર્ડીગ એન્ડ અલાઈટીંગ સેવાથી પરીપૂર્ણ ૧૨.૦૦ મી. લંબાઈમાં બસો સેવા પુરી પાડશે. જેમાં વિકલાંગો, મહિલાઓ અને સિનીયર સીટીઝન માટે અલાયદી બેઠક વ્યવસ્થા રાખવામાં આવેલ છે. સમાયંતરે તેમાં ઓડીયો–વીઝયુઅલ પેસેન્જર ઈન્ફોર્મેશન સીસ્ટમ, સી.સી.કેમેરા, જી.પી.એસ.થી બસનું મોનીટરીંગ અને સંચાલન અંગેની યાંત્રિક ટેકનોલોજીનો ઉમેરો કરવામાં આવશે. આ સેવામાં ઓફ બોર્ડ પધ્ધતિથી ટીકીટો, ઓટોમેટિક ફેર કલેકશન સીસ્ટમ જેવી સુવિધાઓથી મુસાફરોના સમયની બચત અને પારદર્શી સેવા ઉપલબ્ધ થશે.આ બસોમાં ૧ મહિના સુધી મફત મુસાફરી કરી શકાશે.

TOP

## પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ની ઉજવણી :–






સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૪ની વરાછા ઝોન : ''યોગી ચોક'' ટી.પી.સ્કીમ નં.૬૦(પુણા), ફા.પ્લોટ નં.આર/૮, હેલીપેડવાળી ખુલ્લી જગ્યા, પુણા, સુરત ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

પ્રજાસત્તાક પર્વની સુવર્ણમયી સવારે વરાછા ઝોન વિસ્તારના પુણા, ''યોગી ચોક'' સુરત ખાતે માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે રાષ્ટ્રની આન બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગાન સાથે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી. પ્રજાસત્તાક પર્વની ખુશ્નુમા પ્રભાતે વરાછા ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી શ્રી રામનગર–દીનદયાળ કાપોદ્રાથી, હરેકૃષ્ણ વિદ્યાલય સન્માન સોસાયટીથી અને શ્રી ઈશ્વર પેટલીકર પ્રા.શાળા, ગંગાજમના સોસાયટીથી ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ટેબ્લોઝ અને બેન્ડબાજા સહિત દેશભકિતના નારા સાથે ધ્વજવંદન સ્થળે પહોંચી સમારોહમાં જોડાયા હતા. **આ પ્રસંગે માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે,**

આજથી સુરત શહેરમાં બી.આર.ટી.એસ.નો પરિવહનનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે અને એક મહિના માટે તેમાં લોકોને મફત મુસાફરી કરવા મળશે.શહેરની વિકાસ કુચને આગળ વધારવા માટે અમો અનેક નવા વિકાસના પ્રજાલક્ષી કામો આગામી વર્ષોમાં કરનાર છીએ. નગર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોના માનસિક વિકાસ માટે ગુજરાત રાજયમાં ટ્રેનીંગ,પ્રવાસો યોજવાના છે. આ ઉપરાંત અદ્યતન કોમ્પ્યુટર લેબનું આયોજન કરવામાં આવનાર છે.મા.મુખ્યમંત્રીશ્રીના સોલાર એનર્જીના ઉપયોગની વિચારધારાને અમલમાં મુકવા માટે આગામી બજેટમાં નગર પ્રાથમિકની તમામ શાળાઓમાં સોલાર ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું નકકી થયેલ છે. સાથો સાથ સરદાર વલ્લભભાઈ પટેલના માનમાં વી.આઈ.પી.રોડ ખાતે સરદાર મંદિર પણ બનાવવાનું આયોજન કર્યુ છે. શહેરની ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે પ્રતિબંધિત સમય દરમ્યાન શહેર બહાર ભારે વાહનો / લકઝરી બસ માટે ''પાર્કીંગ ઝોન'' બનાવવામાં આવશે. છેલ્લા બે દાયકાના અવિરત વિકાસ પછી આપણે શિક્ષણ, આરોગ્ય, રસ્તા, પાણી, વીજળી તથા ડ્રેનેજ જેવી મૂળભૂત સુવિધાઓમાં તો અવ્વલ રહયા જ છીએ પણ તે ઉપરાંત મનોરંજન, પર્યાવરણ, સામુહિક પરિવહન, લકઝરી, આનંદપ્રમોદ, સાંસ્કૃતિક વારસો જેવા માનવજીવનના મહત્વના શ્રેષ્ઠ પાસાઓને પણ ડેવલપ કર્યા છે.આજના ૬૫ મા પ્રજાસત્તાક દિવસની શુભ સવારે હું ગાંધી, સરદાર સહિત ભારતની આઝાદી માટે યોગદાન અને બલિદાન આપનાર તમામ પુણ્યાત્માઓ તેમજ શહીદોને આપણા સહુ વતી સલામી અને શ્રધ્ધાંજલિ અર્પુ છું. આપણું સુરત સદાય સર્વાંગી વિકાસની બાબતમાં અગ્રેસર રહી સમગ્ર દેશને પ્રેરણા પુરી પાડતુ રહે તેવી પ્રાર્થના.

પ્રજાસત્તાક દિનની શુભકામના સાથે ત્રિરંગી ગુબ્બારાઓ અનંત આકાશમાં વિહરતા કર્યા હતા.

આ અવસરે ધ્વજવંદન બાદ વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધિ હાંસલ કરેલ ૫૦ જેટલા રમતવીરોનું રોકડપુરસ્કાર અને મોમેન્ટો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રજાસત્તાક પર્વના આ ધ્વજવંદનની સાથે૧૦૦૦૦થી પણ વધુ શહેરીજનોએ વરાછા ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓએ રજુ કરેલ સાંસ્કૃતિક કાર્યકમોને મન ભરીને માણ્યાં હતા. કવિશ્રી દલપતરામ ન.પ્રા.શાળા ક્રમાંક ૧૩૨ના બાળકોની શ્રી ગણેશાય દેવા ગણેશવંદના સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ થયો હતો. માતૃભૂમિના જય જય કાર સાથે વતનપ્રેમને રજુ કરતા ''જય હો'' ગીત પર એલ.પી. સવાણી વિદ્યાભવન, શ્રી ઈશ્વર પેટલીકર ન.પ્રા.શાળાના, શ્રી રવિન્દ્રનાથ ટાગોર ન.પ્રા.શાળા અને સાધના હાઈસ્કુલના બાળકોએ દેશાભિમાનથી ભરેલ કૃતિઓને જનમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. આ કાર્યક્રમમાં બેટી બચાવો અભિયાનની સુરત મહાનગરપાલિકાની બ્રાંડ એમ્બેસેંડર કુમારી ભાષા વાઘાણીએ સરદાર વલ્લભભાઈ પટેલ ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' વિશે

વકત્તવ્ય રજુ કર્યું હતું. લીટલ ફલાવર હાઈસ્કુલની બાળાઓએ''નગારા સંગ ઢોલ બાજે'' લોકનૃત્ય સભર કૃતિ રજુ કરી ઉપસ્થિત જનમેદનીના મન મોહી લીધાં હતા. અંતે ''ભારત માતા કી જય''ના ગગનભેદી જયનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. આ પ્રસંગે ધ્વજવંદન સ્થળ વિસ્તારમાં આવેલ રોડ ડિવાઈડરો તથા ઝોન કચેરીઓને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતા.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં માન. ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,શ્રી કુમારભાઈ કાનાણી, ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષના નેતાશ્રી આર.કે.લાઠીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમોમાં ભાગીદાર બની પ્રજાસત્તાક પર્વમાં ઉત્સાહભેર જોડાયા હતા.

TOP

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો :–







સુરત મહાનગરપાલિકા દ્વારા ''સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો'' અને ''રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો'' તથા ''શિલ્પગ્રામ મેળા''નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૪ થી તા.૨૭/૦૧/૨૦૧૪ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોર અને સાંજે વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૩/૦૧/૨૦૧૪ના રોજ સાંજે માધ્યમિક, કોલેજ અને સીનીયર સીટીઝન વિભાગની ગૃપડિસ્કશન સ્પર્ધા યોજવામાં આવી હતી. તા.૨૪/૦૧/૨૦૧૪ના રોજ બપોરે ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓની સ્પોર્ટસ પર આધારિત ફન ગેમ્સ અને સાંજે યોગા શો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તા.૨૫/૦૧/૨૦૧૪ના રોજ બપોરે ધો.૧ થી ૪ના બાળકોની સુલેખન અને ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા જયારે સાંજે ધો.૮ થી ૧૨ના વિદ્યાર્થીઓની જનરલ નોલેજ કવીઝ હરિફાઈ યોજવામાં આવી હતી. તા.૨૬/૦૧/૨૦૧૪ના રોજ સાંજે ૨૬મી જાન્યુઆરી : પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત ધો.૪ થી ૭ના બાળકોની વેશભૂષા હરિફાઈ અને ધો.૫ થી ૧૨ના બાળકલાકારોની દેશભકિત પર આધારિત ગૃપડાન્સ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ગૃપ ડિસ્કશન સ્પર્ધામાં સ્થળ પર આપવામાં આવેલ વિષય પર પોતાના પ્રતિભાવો રજુ કરી તર્ક સંગત સામ–સામી ચર્ચાઓ કરી રંગત જમાવી હતી. આ ઉપરાંત ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. સાંસ્કૃતિક વિભાગની સ્પર્ધામાં નીચે જણાવ્યા મુજબ વિજેતા નિવડયા હતા.

**સ્પર્ધાનું નામ : વેશભૂષા હરિફાઈ**

| વિજેતા | વિજેતાનું નામ | શાળાનું નામ | પાત્રનું નામ |
|---|---|---|---|
| પ્રથમ | હર્ષ કમલભાઈ કારીયા | પ્રેસિડન્સી સ્કુલ | ખુદીરામ બોઝ |
| દ્વિતીય | ધ્રુવી એચ દેસાઈ | પી.બી.દેસાઈ પ્રા.શાળા | કવિનર્મદ |
| તૃતીય | ધ્રુવી આર કાપડીયા | જીવનભારતી કિશોરભવન | અભિમન્યુ |
| આશ્વાસન | સંસ્કૃતિ પી ભટ્ટ | પી.બી.દેસાઈ પ્રા.શાળા | શબરી |
| | નિધિ પી અધ્વર્યુ | ડો.પી.વી.ઠા.વનિતા વિશ્રામ પ્રા.કન્યા શાળા | કેવટ |
| | સીફા કાપડીયા | અર્બન પ્રા.શાળા | મેડમકામા |
| | દ્દષ્ટિ આર લખાણી | શ્રી ભ.લ.જરીવાલા | શકુની |
| | શ્રધ્ધા બી પટેલ | ડો.પી.વી.ઠા.વનિતા વિશ્રામ પ્રા.કન્યા શાળા | જીજાબાઈ |
| | જુગલ કે મિકેનિક | જીવનભારતી કિશોરભવન | વર્તમાન પત્ર |
| | સ્નેહા એ નાકરાણી | એચ.જે.ગજેરા ઈંગ્લીશ મિડિયમ | બાર્બીડોલ |
| | આકાશ અમરૂભાઈ જીમળા | નવચેતન વિદ્યાભવન | ખેડુત |

**દેશભક્તિ આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન**

| ધોરણ | વિજેતા | વિજેતા શાળાનું નામ |
|---|---|---|
| ધો.૫ થી ૧૨ | પ્રથમ | એલ.એચ.બોઘરા હાઈસ્કુલ |
| | દ્વિતીય | એસ.પી.ઝવેરી ગર્લ્સ હાઈસ્કુલ |
| | તૃતીય | વીરમતી ફકીરચંદ શાહ પ્રા.શાળા |
| | આશ્વાસન | એસ.વી.પી ઈંગ્લીશ મિડીયમ સ્કુલ |
| | " | રૂ.સી.મા.પુણાવાલા એક્ષ્પરીમેન્ટલ સ્કુલ |
| | " | શારદાયતન સ્કુલ |
| | " | શ્રીમતી આર.ડી.ઘાએલ જીવનભારતી મા.વિદ્યાલય |

રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાયેલ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ સ્પર્ધકોને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતીબેન સોસા તેમજ અન્ય ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મેળાના સેમીનાર હોલમાં રજુ થયેલ તમામ કાર્યક્રમોને પ્રસાર માધ્યમો દ્વારા પણ નગરજનો સુધી પહોંચાડવાની તજવીજ કરવામાં આવી હતી. જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શહેરીજનોએ મહત્તમ લાભ લીધો હતો.

TOP

## પૂર્વ(વરાછા) ઝોનમાં આવેલ નાના વરાછા (ગામતળ) વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની જગ્યામાં આવેલ ઝુપડપટ્ટીમાં શીફટીંગ/ડિમોલીશન બાબતઃ–

પૂર્વ(વરાછા) ઝોનમાં આવેલ નાના વરાછા (ગામતળ) વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની જગ્યામાં ''સુધ્ધોધનનગર '' નામની ઝુપડપટ્ટીના રહીશોને વૈકલ્પિક આવાસો ફાળવી કુલ ૭૬ દુકાનો તથા રહેણાંક સહિતના મકાનો/ઝુપડા તોડીને કુલ આશરે ૩૦,૦૦૦.૦૦ ચો.ફુટ જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સદર કામગીરી અત્રેની પૂર્વ(વરાછા)ઝોન કચેરીના શહેર વિકાસ ખાતાના ઈજનેરી સ્ટાફ તથા દબાણ વિભાગ મારફત એડી.સીટી. ઈજનેરશ્રીની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવેલ. વધુમાં સદર કામે કાપોદ્રા પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રીનો પણ આ કામે સહકાર મળેલ છે.

TOP

## મહાત્મા ગાંધી નિર્વાણદિન

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો–૨૦૧૪ :–






સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો" અને "રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો" તથા "શિલ્પગ્રામ મેળા"નું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૪ થી તા.૨૭/૦૧/૨૦૧૪ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોરે અને સાંજે વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૩/૦૧/૨૦૧૪ થી તા.૨૬/૦૧/૨૦૧૪ દરમ્યાન ગૃપડિસ્કશન, સ્પોર્ટસ પર આધારિત ફન ગેમ્સ, યોગા શો, સુલેખન, નિબંધ, જનરલ નોલેજ કવીઝ, વેશભૂષા અને દેશભકિત પર આધારિત ગૃપડાન્સ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તા.૨૭/૦૧/૨૦૧૪ના રોજ શીઘ્ર વકતૃત્વ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેનું પરિણામ નીચે મુજબ છે.

**તા.૨૭/૦૧/૨૦૧૪ના રોજ યોજાયેલ "શીઘ્ર વકૃત્વ" અને "પાવરપોંઈન્ટ પ્રેઝન્ટેશન" સ્પર્ધાનું પરિણામ**

| સ્પર્ધાનું નામ | વિભાગ | વિજેતા | | |
|---|---|---|---|---|
| | | પ્રથમ | દ્વિતીય | તૃતીય |
| શીઘ્ર વકતૃત્વ (૨૭/૦૧/૧૪) | માધ્યમિક | સંચાણીયા પ્રિયંકા | દેવ અક્ષદા | આર્જવી વ્યાસ |
| | કોલેજ | કિંજલ બામણિયા | વિરાજ બરફીવાલા | વૈદેહી પટેલ |
| પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન (૨૭/૦૧/૧૪) | માધ્યમિક | અર્જુન પંજાબી | સાગર | ઘનશ્યામ ડાભી અને મોક્ષીતા ઠકકર |
| | કોલેજ | રાવલ સપન એન. | રામેશ્રી મેઘાન | ઘોઘારી સુરભી |
| | ખુલ્લો | પ્રીતીબેન દેસાઈ | યોગીતાબેન શાહ | શ્રેયા પ્રધાન |

રાષ્ટ્રીય પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાયેલ આ બન્ને સ્પર્ધાઓમાં વિજેતા થયેલ સ્પર્ધકોને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતીબેન સોસા, મ્યુનિસિપલ સદસ્યા કુ.લક્ષ્મીબેન ચોપારે તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શહેરીજનોએ મહત્તમ લાભ લીધો હતો.

TOP

## વ્યવસાય વેરો ભરપાઈ ન કરતી મે.અમૃત એક્ષપોટર્સની મિલકતને સીલ કરી રૂા.૧૦ લાખ વસુલ કરતુ વરાછા ઝોન :–

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) ધ્વારા પ્રોપર્ટી ટેક્ષ અને પ્રોફેશનલ ટેક્ષની વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને બાકીદારો સામે મિલકત સીલ કરવી, નળ કનેકશન કાપવા અને મોટા બાકીદારોના નામો જાહેર કરવાની કામગીરી શરૂ થઈ છે. જેના ભાગ રૂપે કાપોદ્રા ચાર રસ્તા ઉપર આવેલ વ્રજશીલા કોમ્પલેક્ષમાં મે.અમૃત એક્ષપોર્ટસ નામની સંસ્થા તરફથી સંસ્થામાં કામ કરતા કારીગરોનો મોટી રકમનો વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં અખાડા કરવામાં આવતા પૂર્વ ઝોન (વરાછા) ના આકારણી અને વસુલાત વિભાગ, વ્યવસાય વેરા વિભાગ ધ્વારા તથા ટેકનીકલ વિભાગના કર્મચારીઓના સહકારથી આજ તા.૨૮.૦૧.૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ કલાકે સદર સંસ્થાની મિલકતને ટાંચમાં લઈ સીલ કરવામાં આવતા સંસ્થાના માલિક તરફથી સ્થળ પર રૂા.૧૦,૦૦,૦૦૦/– વ્યવસાય વેરાનો ચેક આપતા તેઓની મિલકતોને ટાંચ મુકત કરવામાં આવી હતી. આગામી દિવસોમાં મિલકતવેરો તથા વ્યવસાય વેરો ભરવામાં અખાડા કરતા આવા બાકીદારો સામે વધુ કડક પગલા ભરી તેઓની મિલકતોની ટાંચમાં લઈ જાહેર હરાજી કરી મિલકત વેરો તથા વ્યવસાય વેરો વસુલ કરવા મ્યુનિ.કમિશનરશ્રી ધ્વારા આદેશ આપવામાં આવેલ છે. જેથી વરાછાઝોન વિસ્તારમાં તમામ કરદાતાઓને બાકી મિલકતવેરો તથા વ્યવસાય વેરો તાકીદે ભરપાઈ કરવા અનુરોધ છે.

TOP

## પૂર્વ(વરાછા) ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)માં આવેલ ગીરનાર સોસાયટીમાં કરેલ ડિમોલીશન અંગેઃ–

પૂર્વ(વરાછા)ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)ના ફા.પ્લોટ નં. ૩,૪ પૈકીમાં આવેલ ગીરનાર સોસાયટીના સબ પ્લોટ નં. ૨૦૨ થી ૨૦૪ માં માર્જીનવાળા ભાગમાં થયેલ પરવાનગી વગરની આશરે ૭૦.૦૦ ચો.ફુટના વિસ્તારની દુકાન, શટર તેમજ આશરે ૧૦૦.૦૦ ચો.ફુટનું ચણતર તેમજ રસ્તા પૈકીના ભાગે બનાવેલ આર.સી.સી. કોલમનું ડિમોલીશન કરવામાં આવેલ. તેમજ ડિમોલીશન ચાર્જ પેટે રૂા. ૩૦૦૦/– વસુલવામાં આવેલ. સદર કામગીરી અત્રેની પૂર્વ(વરાછા)ઝોન કચેરીના શહેર વિકાસ ખાતાના ઈજનેરી સ્ટાફ તથા દબાણ વિભાગ મારફત એડી.સીટી. ઈજનેરશ્રીની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવેલ.

TOP

# તમામ ઝોનની સફાઈ ઝુંબેશ

**તા. ૨૯—૧—૨૦૧૪ બુધવાર**

| અનં | વિગત | તઃત્બિ |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૮ |
| ૧ | ડે. ઈજનેર | ૬ |
| ૨ | મુખ્યઆરોગ્ય નિરીક્ષક | ૨૨ |
| ૩ | જુ. —આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૧૧ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૬ |
| ૫ | ટેકનીકલ આસી. | ૧૨ |
| ૬ | વાયરમેન | ૭ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૭૯ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૧૩ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૧૩ |
| ૧૦ | કડીયા | ૬ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | ૦ |
| ૧૧ અ | આરોગ્યવિભાગ | ૫૯૮ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૧૦૮ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૬૦.૬ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૦ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૮૧ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૩૦ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૩૪૯૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૧૫૧૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્કે્પીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૧૫ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૭ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૨ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૨૫ |
| વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | | ૦ |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૫૭૧૬ |

| | | |
|---|---|---|
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૦૨૮૪ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૩૦ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૧૯ |
| ૨૪ અ | એનો. | ૬ |
| ૨૪ બ | એડીસ | ૨૪ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |
| ૨૪ ડ | મિશ્ર | ૦ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૨૨૪ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૭ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૦ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૫૦ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૪૦૨૫૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૨૫૦ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૨૩.૬ |
| ૩૨ | અખાદ્ય પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૫૧ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૬ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૩ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૨ |

| સફાઈ ઝુંબેશનો વિસ્તારઃ– | | |
|---|---|---|
| સેન્ટ્રલ | : | મકકાઈપુલ થી કવોલીટી હોટલ થઈ ગાંધીજીની પ્રતિમા સુધી, મકકાઈપુલ વોર્ડ ઓફીસથી ગાંધીજીની પ્રતિમા સુધી, ચોકબજાર લાલા લજપતરાય બાગથી આર્યસમાજ હલો થઈ હવાડીયા ચકલા ચાર રસ્તા, સલાબતપુરા રતન ટોકીઝથી પોલીસ ચોકથીગળ આરામ હોસ્પીટલ સુધી, રામપુરા પાટીદાર ભવનથી રામપુરા મેઈનરોડ થઈ અશકતાશ્રમ હોસ્પીટલ સુધી, બેગમપુરા ચીડીયાકુઈ થી કટારીયા સર્કલ, નિર્વાણ અખાડા, જગદંબા કન્ટેઈનર સુધી, કટારીયા સર્કલથી પ્રગતિ સ્કુલ સુધી |
| વરાછા | : | લક્ષ્મણનગર રોડથી દિનદયાળ વસાહત, અંકુર રોડથી રામનગર ત્રણ રસ્તા, રજામણી ચોકથી મોટાવરાછા, કબ્રસ્તાન સુધી મેઈનરોડ, બોમ્બે માર્કેટથી પુણા રોડ સુધી, માતાવાડી ચોક |
| રાંદેર | : | ડી.પાર્કથી મેઘમલ્હાર સર્કલ સુધી, મેઘમલ્હાર સર્કલથી વૃદાવન થઈ ડભોલી બ્રીજ નાકા સુધી, મેઘમલ્હાર સર્કલથી બી.આર.પાર્ક સુધી, અંજની હાઈટસ રોડ બંને સાઈટ, ઈડબલ્યુએસ કવાટર્સ (ભાગ્યલક્ષ્મી, ડી.પાર્ક) |
| કતારગામ | : | કોસાડ આવાસ એચ–રનાં તમામ ખાંચા તથા મુખ્ય રસ્તાની સફાઈ |
| ઉધના | : | દાઉદનગર સર્કલથી તરણકુંડ થઈ તેરાપંથ ભવન સુધી |
| અઠવા | : | સંસ્કાર પાર્ક રો હાઉસ રોડ તેમજ સાંસ્કૃત એપાર્ટમેન્ટ રોડ |
| લીંબાયત | : | સત્યમ શિવમ સુદરમ એપાર્ટ. થી આશાનગર પોલીસ ચોકી થઈ પંપીગ ખાડીથી આંગણવાડી સુધી, સત્યમ શિવમ સુદરમ એપાર્ટ થી સિધ્ધી વિનાયક થઈ આનંદનગરનો સમગ્ર વિસ્તાર, ખાડી પુલ મેઈન રોડ તથા સંજયનગર ઝુપડપટ્ટીના તમામ ખાંચાઓ, શ્રમજીવી સોસાયટીથી સત્યમ શિવમ સુદરમ એપાર્ટ. નાકા સુધી, મોમનાની ચાલ થઈ સીલ્વર ડાંઈગ રોડ, રાજીવનગર, સોનીયાનગરના તમામ ગલી ખાંચાઓ. |

TOP

## "મહાત્મા ગાંધી નિર્વાણદિન" :–



સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ડે.મેયરશ્રી દયાશંકર સિંહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષના નેતાશ્રી આર.કે.લાઠિયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ તથા ગાંધીવાદીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક સ્કૂલના બાળકોએ પણ પુષ્પો અર્પણ કર્યા હતા તેમજ સત્ય સાંઈ સેવા સમિતિએ ભજનોની સુંદર રજુઆત કરી હતી.

TOP